50% અમેરિકન ટેરિફ, મંદી અને એર કનેક્ટિવિટીનાં ઠેકાણાં વિના

# SDB જાન્યુ.માં શરૂ થવાના અણસાર નથી

**નાયબ** મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રીની જાહેરાત છતાં નેચરલ ડાયમંડની મંદીમાં હીરા કારખાનેદારો SDBનો વધારાનો ખર્ચ ઉપાડવા તૈયાર નથી

**બ્રોકરો** અને નાના વેપારીઓને ટેબલ અને કેબિન અર્પણ સમારોહથી સંતોષ માનવો પડે એવી સ્થિતિ

**રાજકીય** શરમને માન આપવા 125 લેબગ્રોન વેપારીઓ ઓફિસ શરૂ કરે એવી શક્યતા

સુરતઃ હીરા ઉદ્યોગકારો 23 જાન્યુઆરીથી સુરત ડાયમંડ બુર્સની ઓફિસો શરૂ કરવા હીરા ઉદ્યોગકારો ઉત્સાહી નથી. દેશના આર્થિક પાટનગર મુંબઈને સુરત એરપોર્ટ સાથે જોડતી 70/72 સીટર નાના વિમાનની પણ ફ્લાઈટ નથી. બુર્સના લોકાર્પણ પહેલાં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી સિંગાપોર, લંડન, ન્યૂયોર્ક, બ્રસેલ્સ, બોટસ્વાના, દોહા, શાંઘાઈ, ઈસ્તંબુલ, રિયાધ, તેલ અવિવ ફ્લાઈટ શરૂ કરવા સપનાં દેખાડવામાં આવ્યાં હતાં, એ પૈકી હીરા, ઝવેરાત વેપાર સાથે સંકળાયેલી એકપણ ઈન્ટરનેશનલ વીકલી ફ્લાઈટ શરૂ કરવા પણ તત્પરતા દેખાડવામાં આવી નથી. આ સ્થિતિમાં વરાછા અને મહિધરપુરા હીરા બજારમાં ઓફિસો ધરાવનાર નેચરલ ડાયમંડનો વેપાર કરનાર વેપારીઓ સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસ શરૂ કરી નવો આર્થિક બોજો ઉપાડવા માંગતા નથી. રાજકીય શરમ ભરવા ખાતર 100/125 લેબગ્રોન ડાયમંડ વિક્રેતા કંપનીઓ 23 જાન્યુઆરીએ પોતાની ઓફિસો શરૂ કરી શકે છે. એ સ્થિતિમાં 4200 ઓફિસ સામે માત્ર 200 ઓફિસ કાર્યરત થાય એવી સંભાવના છે. નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં હીરાબુર્સ માટે

29 જુલાઈ-2025ના રોજ તે સમયના ઉદ્યોગ રાજ્ય અને હવે નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીએ કરેલી બેઠક બાદ 23 જાન્યુઆરી-2026થી સુરત ડાયમંડ બુર્સની તમામ ઓફિસો શરૂ કરવા સહમતિ બની છે. અહીં ઉલ્લેખનીય છે કે, SDB પ્રોજેક્ટના મૂળ સ્વપ્નદૃષ્ટા કિરણ જેમ્સના વલ્લભ લાખાણી, મુંબઈ ડાયમંડ બુર્સમાંથી કારોબાર સમેટી સુરત ડાયમંડ બુર્સમાં

વહેલા સ્થળાંતર કરનારા થોડા લોકો પૈકીના એક હતા. પરંતુ તેમનો આ પ્રયાસ પણ મોટા પાયે સ્થળાંતરને પ્રેરિત કરવામાં નિષ્ફળ ગયો હતો. વલ્લભભાઈ લાખાણીએ SDBના પ્રમુખ પદેથી રાજીનામું આપી, તેઓ પોતે ભારત ડાયમંડ બુર્સની મુંબઈમાં બંધ કરેલી ઓફિસમાં શિફ્ટ થઈ ગયા હતા. એ પછી રાજ્યસભાના સાંસદ અને બુર્સ કમિટીના ચેરમેન ગોવિંદ ધોળકિયા અને અરવિંદ અજબાનીએ બુર્સ શરૂ કરવા 2024માં દશેરા પર્વ પૂર્વે નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. એ પછી SDB કેમ્પસમાંથી રાષ્ટ્રીયકૃત અને પ્રાઈવેટ બેંકોની બ્રાંચ બંધ થઈ ગઈ હતી. અમૂલ પાર્લર અને સુમુલ બ્રાન્ડની રેસ્ટોરન્ટ પણ બંધ થઈ ગઈ હતી.

## જાન્યુઆરીમાં વધુ ઓફિસો કાર્યરત થવાની આશા: લાલજીભાઈ પટેલ

જો કે, SDB સમિતિના ઉપાધ્યક્ષ લાલજી પટેલે જણાવ્યું હતું કે,જાન્યુઆરીમાં અમને આશા છે કે વધુ ઓફિસો કાર્યરત થશે. SDB સમિતિના પ્રમુખ અરવિંદ શાહે જણાવ્યું હતું કે, ઘણી ઓફિસોમાં ફર્નિચરનું કામ ચાલુ છે અને એકવાર તે પૂર્ણ થઈ જશે, પછી વેપારીઓ ત્યાં સ્થળાંતર કરશે. મહિધરપુરામાં લગભગ 200 ટોચના હીરા વેપારીઓની ઓફિસ છે. જ્યારે ઓછામાં ઓછા 2,000 અન્ય હીરા વેપારીઓ અને દલાલો પણ અહીંથી કામ કરે છે. તેમને SDBમાં સ્થળાંતર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

## SDBથી હીરા એક્સપોર્ટ કરવા વાયા વિરમગામ જેવી સુવિધા

» જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)એ કીમતી કાર્ગો કામગીરી માટે માળખાગત સુવિધા પૂરી પાડવા માટે કસ્ટમ્સ અને એરપોર્ટ સત્તાવાળાઓને રજૂઆતો કરી હતી. SDBમાં કસ્ટમ્સ ક્લિયરન્સ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, માલ સીધો મુંબઈના એરપોર્ટ પર જાય છે અને વિદેશ મોકલવામાં આવે છે.

» ડ્રીમ સિટીના મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક એસડીબી છે. 3400 કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવેલા આ પ્રોજેક્ટ મુંબઈમાં ભારત ડાયમંડ બુર્સ જેવા હીરા વેપાર કેન્દ્રમાં વિકસવાની અપેક્ષા છે. જો કે, હાલમાં તેની લગભગ 40/50 ઓફિસ જ કાર્યરત છે.

» SDB મેનેજમેન્ટ પાસે બિલ્ડિંગમાં 4,200 ઓફિસ કાર્યરત કરવાનો પડકાર છે, જેનો કાર્પેટ એરિયા 67,28,604 ચોરસ ફૂટ છે. જે પેન્ટાગોન (66,73,624 ચોરસ ફૂટ) કરતાં લગભગ 55,000 ચોરસ ફૂટ મોટો છે.

» 15 માળના, 81 મીટર ઊંચા નવ ટાવર 35.54 એકરના કેમ્પસ પર સ્થિત છે, જેમાં કેમ્પસનો બિલ્ટ-અપ વિસ્તાર 68,17,050 ચોરસ ફૂટ છે.

# પાંડેસરા અને ભેસ્તાનના 2000 જેટલાં પાવરલૂમ ફરીથી બંધ

**મજૂરીના** દરમાં મીટરે 10 પૈસાનો વધારો કરવાની માંગ સાથે કારીગરો રવિવારથી હડતાળ પર ઊતર્યા.



## પથ્થરમારો કરી કારીગરોને ભગાડી મૂક્યા

10 પૈસા મજૂરી દરમાં વધારો જાહેર ન થાય ત્યાં સુધી કોઈ કારીગરે કામે ચઢવાનું નથી.એવા ઉડિયા ભાષામાં કાગળો ફરતા કરવામાં આવ્યા છે.જ્યાં કારીગરો કામ કરતા હતા ત્યાં પણ તોફાની તત્વોના ટોળાએ પથ્થર મારો કરી કારીગરોને ભગાડી મૂક્યા હતા.ભગવતી અને હરિઈચ્છા સોસાયટીઓમાં આવી ઘટના બની છે. વિવર્સની રજૂઆત પછી અહીં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

સુરતઃ પાંડેસરા બમરોલી રોડના વિવિંગ એકમોમાં મજૂરીના દરમાં વધારો કરવાની માંગ સાથે ત્રણ દિવસ હડતાળ રહ્યાં પછી કારીગરોની માંગણી સ્વીકારવામાં આવતા ગયા અઠવાડિયે સમાધાન થયું હતું.એ પછી ઉધના ઝોનમાં પાંડેસરા - ભેસ્તાન રોડની મોટાભાગની વિવિંગ સોસાયટીઓમાં પાવરલૂમ કારીગરો રવિવારથી હડતાળ પર ઉતર્યા છે.કારીગરો મીટર કાપડ પર 10 પૈસાનો મજૂરી દર વધારો માંગી હડતાળ પર ઉતર્યા છે.

પાંડેસરા-ભેસ્તાન રોડની વિવિંગ સોસાયટીઓના અગ્રણીઓએ જણાવ્યું હતું કે,"રવિવાર સવારથી આ વિસ્તારના 2000 પાવરલૂમ કારખાનાઓ બંધ પડ્યા છે. કોઈપણ સંવાદ, ચર્ચા વિના કારીગરો હડતાળ પર ઉતર્યા છે. તેઓ બમરોલી -પાંડેસરા રોડની વિવિંગ સોસાયટીના કારીગરોને જે મજૂરી દર વધારો મળ્યો એ ચૂકવવા ટેલિફોનીક માંગણી કરી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી પ્રોડક્શન ઠપ છે. અમને મળેલી વિગત મૂજબ પાંડેસરા - ભેસ્તાન રોડની પ્રમુખ પાર્ક,શ્રીરામ ઇન્ડસ્ટ્રીયલ,ભગવતી ઇન્ડસ્ટ્રીયલ,જલારામ,ન્યૂ જલારામ,ચામુંડા,હરિઇચ્છા,યુનિટી,ભગવતી 2 અને સોનલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના કારખાનાઓ બંધ પડ્યા છે.કારીગરો મજૂરીના દરમાં 10 પૈસાનો વધારો જાહેર થાય પછી જ કામે ચઢવા જણાવી રહ્યાં છે.કારખાનેદારો રોજ કારખાના ખોલે છે અને બપોરે જતા રહે છે.

## નવા ગાંધીસ્મૃતિ ભવનને હેરિટેજ લૂક આપવાનો પ્રયાસ



■ નાનપુરામાં 46.24 કરોડના ખર્ચે ગાંધીસ્મૃતિ ભવન હેરિટેજ લૂક સાથે નવું બનાવવામાં આવી રહ્યું છે. પરંતુ જૂના ગાંધીસ્મૃતિ ભવનની જગ્યા કોઇકાળે નહીં લઇ શકે. જૂના ગાંધીસ્મૃતિ ભવનની સ્મૃતિ શહેરના નાટ્યકારો અને દર્શકોના માનસપટ પરથી નહીં ભૂસાઇ શકે તે પણ સત્ય હકીકત છે. **(તસવીર : હેમંત ડેરે)**

# સલાબતપુરા - સૈયદપુરામાંથી હુક્કા અને પાઈપ ઝડપાયા

**એસઓજીએ** 68 હુક્કા અને પાઇપ મળી કુલ રૂપિયા 1.70 લાખનો માલ કબજે લીધો

સુરતઃકોટવિસ્તારમાં હુક્કા વેચાણ કરતા ઈસમો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.આ દરમિયાન સૈયદપુરામાં ગેરકાયદેસર રીતે હુક્કાઓનું વેચાણ કરતા દુકાનદારની સુરત શહેર એસઓજી પોલીસે ધરપકડ કરી દુકાનમાંથી હુક્કા અને પાઈપ નંગ-68 મળી કુલ રૂ.1.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગાંજાના સેવન માટે ઉપોયગમાં લેવાતા કેપ્ટન ગોગો પેપર, રોલીંગ પેપર, હુક્કાઓ ઓનલાઈન અને ઓફલાઈન વેચનારા સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દરમિયાન એસઓજી ડીસીપી રાજદિપસિંહ નકુમ તથા એસઓજી પીઆઈ એ.પી.ચૌધરીની ટીમના માણસોએ આવા નશીલા પદાર્થનો કારોબાર કરતા તત્વો ઉપર સકંજો કસવા માટે શહેર કોટ વિસ્તારમાં વર્ક આઉટમાં હતી. તે દરમિયાન એસઓજીના પીએસઆઇ એમ.ડી. સરવૈયા તથા તેમના પોલીસ માણસોને મળેલ બાતમીના આધારે લાલગેટ સૈયદપુરા વરીયાવી બજાર ખાતે આવેલ "અમન પાન કલેક્શન" નામની દુકાનોમાં રેડ કરી દુકાનમાંથી નશીલા પદાર્થના સેવન માટે ઉપયોગમાં લેવાતા અલગ અલગ ટ્રેન્ડ મુજબની બનાવટના નાના-મોટા મોંઘાદાટ હુક્કાઓ નંગ 68 તથા હુક્કા પાઈપ નંગ ૬૮ કુલ રૂ.1.70 લાખની મત્તાનો મુદ્દામાલ કબજે કરી દુકાનદાર અલ્તાફ હુશેન આબીદ હુશેન ઝર્દાવાલા (ઉ.વ.32, રહે.મોમનાવાડ, સલાબતપુરા) ની ધરપકડ કરી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી

## નશાકારક સીરપ વેચતો માથાભારે વસીમ ઉર્ફે ગોલ્ડન ઝડપાયો

સુરત : નશો કરવા માટે વપરાતી કોડીનયુક્ત સીરપનો માલ વેચાણ માટે આપનાર વસીમ ખાન ઉર્ફે વસીમ ગોલ્ડન અકબરખાન પઠાણને ઝડપી પાડ્યો હતો. આરોપી લિંબાયત વિસ્તારમાં પ્લોટ નંબર-253, ગલી નંબર-8, રમાબાઈ ચોક, મીઠીખાડી વિસ્તારમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. આરોપીની ધરપકડ બાદ તેની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે વસીમ ઉર્ફે ગોલ્ડન સામે અગાઉ પણ લિંબાયત પોલીસ મથકમાં મારામારી, ધમકી અને અન્ય ગંભીર ગુનાઓ સહિત કુલ સાત ફરિયાદો નોંધાયેલી છે. નશાકારક દ્રવ્યોના વેચાણમાં તેની સક્રિય ભૂમિકા હોવાના પુરાવા પણ પોલીસને મળ્યા છે. લિંબાયત પોલીસે આરોપી વિરુદ્ધ નશાકારક પદાર્થોના વેચાણ સંબંધિત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોસાડની હત્યા-લૂંટ કેસમાં 3 આરોપીને આજીવન કેદ

**આરોપીઓને** કોર્ટે આજીવન કેદની સજા અને દંડ પણ ફટકાર્યો

સુરત : સને-૨૦૨૦ માં કોસાડ આવાસમાં થયેલી હત્યા-લૂંટ કેસમાં ત્રણ આરોપીને કોર્ટે આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ કેસની હકીકત એવી છે કે અમરોલી પોલીસ સ્ટેશને આ બનાવ સંદર્ભે ગુનો નોંધાયો હતો. કોસાડ આવાસમાં રહેતા ફરિયાદી કવિતાબેન રામુભાઈ ગોસ્વામીને આરોપી અબેઆલમ ઊર્ફે સલમાન શેખ અજાણ્યા વ્યક્તિ તરીકે ફોન કરતો હતો.

બીજી વખત જ્યારે ફોન આવ્યો ત્યારે ફરિયાદીના પતિએ ફોન રિસીવ કરતા સામે ફોન કરનાર વ્યક્તિ અબેઆલમ હોવાની ઓળખ થતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. રાત્રે આરોપી અબેઆલમ ઊર્ફે સલમાન શેખ, સતીષ ભીખા રાઠોડ તથા અલીઆલમ નઈમ શેખ ધાતક શસ્ત્રો સાથે ફરિયાદીના ઘરે ધસી આવી દરવાજાની તોડફોડ કરી ઘરમાં ઘુસી ફરિયાદીના પરિવાર પર હુમલો કરી ફરિયાદીના પતિ રામુભાઈ ગોસ્વામીને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી ૨૫ હજારની સોનાની ચેનની લૂંટ કરી નાસી ગયા હતા.

આ બનાવ અંગે અમરોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થઈ હતી. કોર્ટ દ્વારા બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ત્રણેય આરોપીને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ આર પી ડોબરીયાએ દલીલો કરી હતી.

# ઈકો સેલના અધિકારી હડિયા સામે પગલાં ભરવા કોર્ટનો હુકમ

**આરોપીની** જામીન અરજી ફગાવી દેવાઈ

**કરોડોની** જમીનના કેસમાં કરણરાજ વાઘેલાએ ૧૫ દિવસમાં તપાસ કરી કોર્ટમાં રીપોર્ટ કરવો પડશે

સુરતઃ કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવા માટે વિશ્વાસઘાત છેતરપિંડી કરનાર આરોપી સંજયકુમાર વિઠ્ઠલભાઈ અધેરાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાયો હતો. આરોપી તરફે જામીન અરજી રજુ થઈ હતી. સુનાવણી દરમિયાન ઈકો સેલના તપાસ અધિકારી જી.એમ. હડિયા દ્વારા જોગવાઈનું પાલન નહીં કરવાની કોર્ટ દ્વારા કડક નોંધ સાથે આ અધિકારની સામે ઈકોસેલના ડી.સી.પી. ડો. કરણરાજ વાઘેલાને કાયદેસરના પગલાં ભરી દિન-૧૫ માં રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

અત્રે નોંધનીય છે કે આરોપીએ અગાઉ આગોતરા જામીન અરજી કોર્ટમા કરી હતી. કોર્ટ દ્વારા નામંજુર કરવામા આવી હતી. ત્યારબાદ અરજી તપાસ સંબંધે ગુનાહીતકૃત્ય જણાઈ આવતુ હોય પોલીસે ગુનો દાખલ કરી આરોપીની અટક કરી કોર્ટમાં રજુ કરાયો હતો. આરોપી તરફે જામીન અરજી રજુ કરાઈ હતી. જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકારપક્ષે એપીપી પવન શાહે દલીલ કરી હતી કે, આ ગુનામાં આજીવન કેદ અથવા દસ વર્ષ સુધી સજાની જોગવાઇ છે. તેમજ આરોપી ફરીયાદી પાસેથી તેમની જમીનનો સાટાખત કરાવી આરોપી પાસે રહેલ જૂની નોટો બેંકમાં વટાવી રૂા.૫૨,૫૦,૦૦૦,૦૦ આપવાનું જણાવી ફક્ત રૂા.૨૧,૦૦૦ ટોકન આપી સાટાખતમાં રૂા.૭,૧૧,૦૦૦,૦૦ જંત્રી મુજબ દર્શાવી હતી. બાકીની રકમ રોકડા આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી આ કામના આરોપીએ ખોટા વાયદાઓ કરતાં આખરે કોઇ રકમ ચુકવેલી ન હતી અને ગુનાહીત કાવતરું રચી રૂા.૫૨,૫૦,૦૦૦,૦૦ ન ચુકવવા પડે અને જમીન રૂા.૭,૧૧,૦૦૦,૦૦ના સાટાખત પર પોતાની થઇ જાય તે રીતે આરોપીએ ફરીયાદી સાથે બેંકમાં જુની નોટો વટાવાના નામે વિશ્વાસ આપી ગુનાહીત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.જેથી જામીન અરજી રદ કરવા ફરિયાદ પક્ષેથી સરકારી વકીલે રજુઆત કરી હતી. આ સુનાવણી દરમિયાન કોર્ટે તપાસ કરનાર અમલદારનું નિવેદન તથા ખુલાસા ધ્યાને લેતાં તપાસ અધિકારીએ આરોપીને લાભ થાય તે માટે જાણી જોઈને જમીન પચાવી પાડવાની આટલી મોટી રકમની ફરીયાદ હોવા છતાં ગંભીરતા નહી દાખવી અને આરોપીને લાભ પહોચાડવા ખોટી રીતે કોર્ટને આરોપીને છોડવાના નિર્ણય ઉપર પહોંચવું પડે તે માટે કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું ન હોવાની નોંધ સાથે ઈકોસેલ ડી.સી. પી ડો. કરણરાજ વાઘેલાને તપાસ અધિકારી સામે કાયદેસરના પગલાં ભરી દિન-૧૫ માં રીપોર્ટ કરવાનો હુકમ કોર્ટે ર્ક્યો હતો. તેમજ કસુરવાર જણાય તો ખાતાકીય પગલા લઈ રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. વધુમાં આરોપી વિરૂધ્ધ આટલી મોટી રકમની ફરીયાદની વિગતે ગુનો કરવાની મોડસઓપરેન્ડી અને ગુનો જે સંજોગોમાં કરવામાં આવ્યો છે તે સંજોગો તથા તેનું ગુનાહીત માનસ તથા ગુનો આર્થિક પ્રકારનો હોય તપાસ અમલદારની કસુરના કારણે છોડવામાં આવશે તો સમાજમાં ખોટો મેસેજ જશે તેવું સ્પષ્ટપણે કોર્ટે નોંધ કરી હાલની જામીન અરજી ના-મંજુર કરવાનો હુકમ કર્યો હતો.

## બમરોલીમાં બાઈક પરથી પટકાતા મોત

સુરતઃ બમરોલી ચોકડી ખાતે બાઈકની પાછળ બેસેલી મહિલાનું નીચે પટકાતા મોત નિપજ્યું હતું. મૂળ બિહારના વતની અમરેન્દ્ર પાઠક હાલ પાંડેસરા જય અંબે નગર-2માં, 39 વર્ષીય પત્ની અમરિતા તેમજ એક પુત્ર સાથે રહે છે અને લુમ્સના ખાતામાં નોકરી કરે છે. તેની પત્ની અમરિતાને સર્વકાઈલની બીમારી હોવાથી તેઓ VIP પ્લાઝા વેસુ ખાતે ફિઝિયોથેરાપી પૂર્ણ કર્યા બાદ તેના ભત્રીજા સોનુ સાથે બાઈક પર ઘરે પરત આવી રહી હતી. તે સમયે બમરોલી ચોકડી પાસે તે ચાલુ બાઈક પરથી નીચે પડી ગઈ હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ટુંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# પોલીસ વકીલોનું અપમાન કરે તે સાંખી નહીં લેવાય

**બીસીજી ચેરમેનની** ટકોરથી થોડા સમય માટે વાતાવરણ ગંભીર થઈ ગયું

સુરતઃ રાજ્યમાં પોલીસ દ્વારા વકીલો સાથે થતાં દુર્વ્યવહારને સાંખી લેવાશે નહીં એમ ગઈકાલે અમરોલી કોસાડ ખાતે યોજાયેલા વકીલોનાં સ્નેહમિલન સમારોહમાં બીસીજીના ચેરમેન જે.જે.પટેલે જણાવ્યું હતું. સાથે કેટલીક ટકોર કરતાં થોડા સમય માટે વાતાવરણ ગંભીર થઈ ગયું હતું. આ તબક્કે તેઓએ જણાવ્યું હતુ કે વકીલ વિરૂદ્ધ ગુના સંદર્ભે કાનૂની કાર્યવાહી થતી હોય તો વકીલ મંડળને તેની સાથે લેવા દેવા નથી, પણ ઈરાદાપૂર્વક વકીલનું અપમાન કરવામાં આવશે તો ચલાવી લેવાશે નહીં. ગઈ કાલે અમરોલી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીના ઉમેદવારોની ડિબેટ પણ થઈ હતી. આ ડિબેટમા જે તે પદના ઉમેદવારો એકબીજા સાથે બેસીને તંદુરસ્ત ચર્ચા કરતાં જોવા મળ્યાં હતાં. બીસીજીના ચેરમેને આવતા વર્ષથી હોદ્દેદારોની ટર્મ સ્વૈચ્છિક રીતે ઠરાવ કરીને ૨ વર્ષ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ચેરમેને વકીલોની એકતા અને સંગઠન મજબૂત બનાવવા તેમજ વકીલ હિતમાં કરેલા કાર્યો અંગે પણ વકીલોને જાણકારી આપી હતી.

## કાપડના વેપારી સાથે 7.31 લાખની ઠગાઈ

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની અને હાલ અલથાણમાં રહેતા પવનકુમાર છીતરમલ પંસારીએ દલાલ પ્રકાશ ઘેવરદાસ રાંકાવત (ઉ.વ. 46, રહે. વૃંદાવન સોસાયટી, માધવબાગ, પર્વત પાટિયા, લિંબાયત, સુરત) તથા વેપારી કાલુદાસ સોહનદાસ વૈષ્ણવ (ઉ.વ. 42, રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, રઘુનંદન રો-હાઉસ પાસે, ગોડાદરા) ને 7,31,566 કિંમતની સાડીઓ વેચી હતી જેના નાણા નહીં ચૂકવી ઠગાઇ કરવામાં આવી હતી.


बैंक ऑफ़ इंडिया Bank of India BOI

રામપુરા શાખા : ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક રામપુરા, સુરત–૩૯૫૦૦૩. મો.: +૯૧ ૯૯૬૭૮ ૬૨૭૯૭
Email : Rampura.surat@bankofindia.bank.in

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]**

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા, ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક, રામપુરા,સુરત–૩૯૫૦૦૩.** સુરતના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૩૦/૦૯/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી નરેન્દ્ર માવજીભાઈ કયાદા (દેવાદાર) શ્રી નીતીનકુમાર પરબતભાઈ અજુડીયા** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૧,૨૮,૭૨૫.૭૧/– (અંકે રૂા. એક લાખ અઠ્ઠવીસ હજાર સાતસો પચ્ચીસ અને ઈકકોતેર પૈસા પુરા)** તા.૩૦.૧૦.૨૦૨૨ ના રોજનુ વધારા નું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ લાગુ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર / જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩(૪) રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો **તા.૧૬ મી ડિસેમ્બર સને ૨૦૨૫** ના રોજ સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર / જામીનદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા રામપુરા શાખા, ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર નજીક, રામપુરા,સુરત–૩૯૫૦૦૩.** ની રકમ **રૂા.૧,૨૮,૭૨૫.૭૧/– (અંકે રૂા. એક લાખ અઠ્ઠવીસ હજાર સાતસો પચ્ચીસ અને ઈકકોતેર પૈસા પુરા)** તા.૩૦.૧૦.૨૦૨૨ ના રોજનુ વધારા નું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ લાગુ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો નુ ધ્યાન દોરવાનુ કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

મકાન અને તેની સંપૂર્ણ જમીન કે જે ૭૯,ક્રિષ્ના પાર્ક સોસાયટી છાપરાભાઠા રોડ, સુરત–૩૯૫૦૦૫, માપ એરીયા ૪૧.૨૬ ચો.મીટર શ્રી નરેન્દ્ર માવજીભાઈ કયાદા ના નામે આવેલ છે. **જેની એસએટ આઈ ડી ૨૦૦૦૦૭૧૦૧૮૬૬ સીકયુરીટી આઈ ડી–૪૦૦૦૦૭૧૧૦૮૫૩.**

| ચર્તુદિશા | દસ્તાવેજ મુજબ | સાઈટ મુજબ |
|---|---|---|
| પૂર્વ તરફ : | સોસાયટી નો આંતરીક રોડ | સોસાયટી નો આંતરીક રોડ |
| પશ્ચિમ તરફ : | જોડેનો પ્રમુખ પાર્ક સોસાયટી અને બી–બ્લોક નં. ૧૨૦ | જોડેનો પ્રમુખ પાર્ક સોસાયટી અને બ્લોક નં. ૧૨૦ |
| ઉત્તર તરફ : | પ્લોટ નં. ૭૮ | પ્લોટ નં. ૭૮ |
| દક્ષિણ તરફ : | પ્લોટ નં. ૮૦ | પ્લોટ નં. ૮૦ |

તા. ૧૬.૧૨.૨૦૨૫
સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ઇ– ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૯૨૫/૨૫-૨૬ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૫ | ૩,૭૬,૯૭,૩૯૨/- |
| ૨ | ૯૨૬/૨૫-૨૬ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૧ | ૧,૦૦,૦૦,૦૦૦/- |
| ૩ | ૯૨૭/૨૫-૨૬ | પાણી પુરવઠા શાખા | ૦૪ | ૨,૮૦,૦૦,૦૦૦/- |
| ૪ | ૯૩૪/૨૫-૨૬ | ટુરિસ્ટ શાખા | ૦૧ | ૨૫,૪૭,૭૦૦/- |
| ૫ | ૯૩૫/૨૫-૨૬ | ટુરિસ્ટ શાખા | ૦૧ | ૨૫,૪૭,૭૦૦/- |
| ૬ | ૯૩૬/૨૫-૨૬ | પાણી પુરવઠા વિતરણ | ૦૨ | ૨,૧૫,૦૦,૦૦૦/- |
| ૭ | ૯૩૯/૨૫-૨૬ | પાણી પુરવઠા પ્રોજેક્ટ | ૦૧ | ૪૩,૩૫,૧૪૨/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૯૪૧/૨૦૨૫-૨૬ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



**બીજો પ્રયત્ન**
**ગુજરાત સરકાર**
**સર્પ સંશોધન સંસ્થાન**
**ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન**
**જાહેર નિવિદા નં.૭ સને ૨૦૨૫-૨૬**

આથી, રસ ધરાવતી એજન્સી/સંસ્થાઓને જણાવવાનું કે, ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન હેઠળની સર્પ સંશોધન સંસ્થાનમાં ચાલુ વર્ષ દરમ્યાન રૂા.૫.૦૦ લાખથી ઓછી રકમના છૂટક બાંધકામોની કામગીરી માટે ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડર તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ થી તા.૦૯/૦૧/૨૦૨૬ સુધીમાં ડાઉનલોડ કરી ભરી શકાશે. ભરેલ ટેન્ડર તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં નીચેના સરનામે મોકલવાના રહેશે. સદર ટેન્ડરની વધુ વિગતો વેબ સાઈટ www.tender.nprocure.com પર જોવા મળશે.

કચેરીનું નામ અને સરનામું:- નિયામકશ્રી, સર્પ સંશોધન સંસ્થાન અને નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ ઉત્તરની કચેરી, જીલ્લા સેવા સદન-૨, પહેલો માળ, તિથલ રોડ, વલસાડ ફોન નં. ૦૨૬૩૨-૨૫૪૧૫૧.

વલસાડ
તા. ૧૭/૧૨/૨૦૨૫
નં. માહિતી/વલસાડ/૭૨૧/૨૦૨૫

નિયામક
સર્પ સંશોધન સંસ્થાન
અને નાયબ વન સંરક્ષક
વલસાડ ઉત્તર



**Surat Municipal Corporation**
**Public Parks & Garden Department**
E-Tender (ON LINE) Notice No. Add.C.E & I/C C.E./PPG/10/2025-26.

FIT INDIA

Tenders are invited for various works of online on https://smctender.nprocure.com from Government approved experienced /registered contractors with following schedule.

| | |
|---|---|
| No. of Work | 06 |
| Total Estimated cost of Tender | 71.03 Lacs |

The detail tender notice will be made available on website https://smctender.nprocure.com

No.P.R.O./523/2025-26
Date: 17/12/2025

I.C. City Engineer
Public Parks & Garden
Surat Municipal Corporation



**આમોદ નગરપાલિકા-આમોદ**
**જાહેર ટેન્ડર નિવિદા**

આથી આમોદ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી દ્વારા UDP -88 વર્ષ 2025-26 અને SJMMSVY-આગવી ઓળખ યોજના, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શેહેરી સડક યોજના અને MLA ગ્રાન્ટ હેઠળના નીચે જણાવેલ કામો માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | આમોદ નગરપાલિકા વિસ્તારમાં મોટું તળાવ પાસે શેડ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૩૫,૫૩,૦૦૦/- |
| ૨ | આમોદ નગરપાલિકા વિસ્તારમાં મોટું તળાવ પાસે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૨૪,૯૧,૨૬૯/- |
| ૩ | આમોદ નગરપાલિકા વિસ્તારમાં સ્ટોમ વોટર ડ્રેન બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૪૯,૬૭,૪૦૦/- |
| ૪ | આમોદ નગરપાલિકા વિસ્તારમાં રોડ રીસર્ફેસીગ કામ. (ચોથો પ્રયત્ન) | ૪૨.૪૨ લાખ |
| ૫ | કોમન સર્વિસ સેન્ટર બનાવવાનું કામ. (બીજો પ્રયત્ન) | ૪,૯૭,૧૧૨/- |
| ૬ | ગુજરી હાર્ટ બનાવવાનું કામ (બીજો પ્રયત્ન) | ૬,૯૯,૩૦૦/- |

ઉપરોક્ત કામે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. પ્રસ્તુત કામના ડોક્યુમેન્ટ તથા વધુ વિગતો વેબ સાઇટ www.nprocure.com તથા www.statetenders.gujarat.gov.in વેબ સાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર ઓન લાઇન ડાઉનલોડની છેલ્લી તા.૨૪/૧૨/૨૦૨૫ સુધી સાંજના ૬.૦૦ કલાક સુધી તથા અત્રેની કચેરીએ ફક્ત રજી.પો.એડી/ પોસ્ટથી ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૧૨/૨૦૨૫ સાંજના ૬.૧૦ કલાક સુધી ત્યારબાદ આવેલ દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહી. કોઇપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર તેમજ નામંજુર કરવાનો હક્ક આમોદ નગરપાલિકાને અબાધિત રહેશે.

પંકજ નાયક, મુખ્ય અધિકારી, આમોદ નગરપાલિકા
ગીતાબેન જી. પટેલ, કારોબારી અધ્યક્ષ, આમોદ નગરપાલિકા
જલ્પાબેન એ. પટેલ, પ્રમુખ, આમોદ નગરપાલિકા

માહિતી/ભરૂચ/૬૪૪/૨૦૨૫